તરગ-૧૦-૨૦૨૦-૭૯૫-ઘ
ગુજરાત સરકાર
નાણા વિભાગ
બ્લોક નં. ૪, સરદાર ભવન
સચિવાલય, ગાંધીનગર.
તા. 26 JUN 2020

પ્રતિ,
નિયામકશ્રી,
હિસાબ અને તિજોરીઓ,
ડૉ.જીવરાજ મહેતા ભવન, બ્લોક નં.૧૮
ગાંધીનગર

વિષય : ૩૦મી જૂનના રોજ નિવૃત થનારને પહેલી જુલાઈનો ઈજાફો નિવૃત્તિ લાભો માટે મંજૂર કરવા બાબત

શ્રીમાન,

ઉક્ત વિષયે આપના તા.૦૯/૦૩/૨૦૨૦ ના પત્રથી વર્ગ-૨ માં નિવૃત થયેલ શ્રી પી.એસ.દાણીધારીયા, શ્રી આર.જે.ભાડકા અને શ્રી બી.બી.એરા ની ૩૦મી જૂનના રોજ નિવૃત થનારને પહેલી જુલાઈનો ઈજાફો નિવૃત્તિ લાભો માટે મંજૂર કરવા બાબતની દરખાસ્ત અત્રે મળેલ છે. જે પરત્વે જણાવવાનું કે, ગુજરાત મુલ્કી સેવા(પગાર) નિયમો, ૨૦૦૨ ના નિયમ ૩૯(૧) થી કરવામાં આવેલ જોગવાઈ મુજબ ઈજાફો જે મહિનામાં ઉપાર્જીત થાય તે મહિનાની પહેલી તારીખથી મળવાપાત્ર થાય છે. આ જોતાં, જે કર્મચારી ૩૦ જુનના રોજ નિવૃત થાય તેઓના કિસ્સામાં નિવૃત્તિ પહેલા ૧૨ માસની સેવા પૂર્ણ કરી હોય તો પણ કર્મચારી નિવૃત્તિ બાદ ૧ જુલાઈના રોજ કર્મચારી રહેતો નથી પરંતુ પેન્શનર બની જાય છે. તે બાબતને ધ્યાને રાખતાં, નિવૃત્તિ બાદ ૧ જુલાઈના રોજ ઈજાફો મળવાપાત્ર બનતો નથી. ગુજરાત મુલ્કી સેવા(પગાર) નિયમો, ૨૦૦૨ ના નિયમોમાં આ પ્રકારનો નિવૃત્તિબાદનો ઈજાફો નોશનલ ચુકવવાની કોઈ જોગવાઈ કરવામાં આવેલ નથી. આમ, ૩૦મી જૂનના રોજ નિવૃત થનારને પહેલી જુલાઈનો ઈજાફો નિવૃત્તિ લાભો મળવાપાત્ર નથી. જે વિદિત થવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,
(જે.આઇ.લેઉવા)
સેકશન અધિકારી
નાણા વિભાગ

www.gascadre.com